# અક્રમ યુથ

ફેબ્રુઆરી ૨૦૨૨ ગુજરાતી

દાદા ભગવાન પરિવાર

₹ 20



## લાઈફનું ધી એન્ડ

# અનુક્રમણિકા


૦૪ કેમ તમે જતા રહ્યા ?

૦૬ જ્ઞાનીની વૈજ્ઞાનિક દ્રષ્ટિએ

૦૭ યમરાજ કે નિયમરાજ ?

૦૮ મૃત્યુનું કારણ !

૧૦ મૃત્યુ વખતે શું થાય છે ?

૧૨ કર્મોની ગતિ ન્યારી

૧૪ આવતા ભવનો ફોટો

૧૫ એકેએક સેકન્ડ કેટલી અગત્યની છે !

૧૬ સ્વજનોના મૃત્યુ સમયે શું કરવું ?

૧૮ સમાધિ મરણ

૧૯ જ્ઞાની આશ્ચર્યની પ્રતિમા

૨૦ મહાત્માઓના અનુભવ

૨૧ મૃત્યુનો ભય દૂર થાય ?

૨૩ #કવિતા



વર્ષ: ૯, અંક : ૧૦
સળંગ અંક : ૧૦૬
ફેબ્રુઆરી ૨૦૨૨



**સંપર્ક સૂત્ર :**
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org
store.dadabhagwan.org/akram-youth



**તંત્રી - ડિમ્પલ મહેતા**

Printer & Published by
Dimplebhai Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

**Owned by :** Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

**Published at :** Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gndhinagar

Printed at : Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025. Gujarat.
Total 24 Pages with Cover page


## Subscription

Yearly Subscription
India :200 Rupees
USA: 15 Dollars
UK: 12 Pounds
5 Years Subscription
India : 800 Rupees
USA: 60 Dollars
UK: 50 Pounds
In India, D.D. / M.O. should be drawn
in favour of "Mahavideh Foundation"
payable at Ahmedabad.


© 2022, Dada Bhagwan Foundation.
All Rights Reserved



વ્હાલા મિત્રો,

જન્મ અને મરણની ઘટમાળ અનિવાર્ય છે અને કોઈના હાથમાં નથી. જે જન્મે છે તેનું મૃત્યુ અવશ્ય થાય છે. આ એક એવું સત્ય છે જેનો સામનો દરેક વ્યક્તિએ જીવનમાં કરવો જ પડે છે. તેમજ નજીકની વ્યક્તિઓના મૃત્યુને સ્વીકારવું ખુબ જ દુઃખદાયી બની રહે છે. મૃત્યુ વિષે જાત-જાતની માન્યતાઓ પ્રવર્તે છે પણ મૃત્યુ અંગેનો વાસ્તવિક ફોડ કોઈ પાડી શક્યું નથી કારણ કે જે મૃત્યુ પામે છે તે એના અનુભવો કહી શક્તો નથી અને જે જન્મ પામે છે તે તેની પાછલી અવસ્થા સ્થિતિ જાણતો નથી. આમ મૃત્યુ અંગેના પ્રશ્નોએ અનંત કાળથી લોકોને ભ્રમણા અને ભયમાં રાખ્યા છે. વૈજ્ઞાનિક પ્રગતિની હરણફાળ પણ આ બાબતનો ફોડ નથી પાડી શકી.

મૃત્યુ જેવા ગંભીર અને સંવેદનશીલ વિષય પર આધારિત અક્રમ યુથના આ અંકમાં જીવનની આ સૌથી કપરી તેમજ અફર અવસ્થા સંબંધી ક્યારેય ન જાણ્યા હોય તેવા રહસ્યો ખુલ્લા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આશા છે કે જ્ઞાનીપુરુષ દાદાશ્રી દ્વારા ખુલ્લી કરાયેલ આ હકીકત આપણને આ કડવી વાસ્તવિકતાનો સ્વીકાર કરવા માટેની યોગ્ય સમજણ પૂરી પાડશે. સાથે સાથે જીવનમાં ક્યારેય પણ આવા સંજોગોનો સામનો કરવાનો આવે તો મેળવેલ સમજણ થકી આપણે સ્થિરતાપૂર્વક, શોક-દુઃખમાં ન રહેતા બીજાને પણ તેમાંથી બહાર કાઢી શકવા સમર્થ બનવા મદદરૂપ થઈશું...

- ડિમ્પલભાઈ મહેતા

# કેમ તમે જતા રહ્યા ?



હેમાબેન છેલ્લા ત્રણ દિવસથી વેન્ટીલેટર પર હતા. બહાર એમનો દીકરો જય એના પપ્પા રમેશભાઈની બાજુમાં સંકોચાઈને બેઠો હતો. રમેશભાઈનાં મોઢા પર ચિંતાએ બરાબરનો ડેરો જમાવ્યો હતો. એમનો એક હાથ બાજુમાં બેઠેલા જયની પીઠને પંપાળી રહ્યા હતા. બંધ આંખે તેઓ સતત પ્રાર્થના કર્યે જતા હતા. જયની આંખો એના પપ્પાના મોઢા પર સ્થિર હતી.

ત્યાં અચાનક ડૉક્ટરોની આવ જા કરવાની સ્પીડ વધી ગઈ. રમેશભાઈ ઉભા થઈ ગયા. તેઓ કઈ પૂછવા જતા હતા પણ ડોકટરોને અત્યારે પેશન્ટ પર ધ્યાન આપવું વધારે જરૂરી હતું. એમણે રમેશભાઈને વેઈટીંગ એરીયામાં બેસવાનું કહ્યું અને પાછા પોતાની ડ્યુટી પર લાગી ગયા.

થોડા દિવસ પહેલા હેમાબેનને તાવ આવ્યો, ડોક્ટર પાસે ગયા, ટેસ્ટ કરાવ્યા. ન્યુમોનિયા ડીટેક્ટ થયું. મેડીસીનથી ફરક ના પડ્યો. તબિયત બગડતી ગઈ. શ્વાસમાં તકલીફ થવા લાગી અને એમને હોસ્પીટલમાં એડમિટ કર્યા. ત્યાર પછી પણ એમની હાલતમાં કોઈ સુધારો નહોતો. અત્યારે એમને શ્વાસ ચઢી રહ્યો હતો. ઓક્સિજનનું મીટર ૪૦ ને ૫૦ ના આંકડા વચ્ચે ઝોલા ખાઈ રહ્યું હતું.... તરત એમને વેન્ટીલેટર પર મુકવામાં આવ્યા.

''રમેશભાઈ'' કહેતા ડૉ. મહેતા રમેશભાઈ પાસે આવ્યા. એમને જોઈને રમેશભાઈની આંખોમાં ઘણા બધા પ્રશ્નો ઉપસી આવ્યા. પણ તેઓ કઈ બોલી ન શક્યા. બસ એક મુક નજરે એમને જોઈ રહ્યા.

**એમના ખભા પર હાથ મુકતા ડૉ. મહેતાએ ધીમા છતાં સ્થિર અવાજે કહ્યું ''હેમાબેન પાસે હવે બહુ સમય નથી.''**

સાંભળતા જ જાણે રમેશભાઈના માથે આભ તૂટી ગયું. તેઓ તરત હેમાબેનના રૂમ તરફ દોડ્યા. જય એમની પાછળ ભાગ્યો.

હેમાબેન એકદમ સ્થિર સુતા હતા. નાકમાં ઓક્સીજનનો પંપ ભરાવ્યો હતો. બંને હાથમાં આઈ.વી. લગાડી હતી. એમાંથી ઈન્જેક્શનો ચાલુ જ હતા. બાજુમાં મોનીટર સ્ક્રીન ઓન હતી. એમાં એમના હાર્ટબીટ્સ દેખાઈ રહ્યા હતા. ફાસ્ટ ફરતા હાર્ટબીટ્સના વેવ્સ સ્લો થઈ રહ્યા હતા.

હેમાબેન કોઈ મુવમેન્ટ નહોતા કરી શકતા. ફક્ત એમની આંખો આ બંનેને જોઈ રહી હતી. એમને કંઈ કહેવું હતું પણ બોલાતું નહોતું અને રમેશભાઈ શોક નજરે એમને જોઈ રહ્યા હતા. જય તો આ સીન જોઈને ડઘાઈ જ ગયો હતો. એને થોડા દિવસ પહેલાનો પ્રસંગ યાદ આવી ગયો...

''જય... જમી લે બેટા, પછી સ્ટડી કરજે. હજુ મારે કેટલું કામ આટોપવાનું છે, તું જમી લે તો હું પરવારું હવે.''

''ઓહ પ્લીઝ મમ્મી, કેટલી વાર કહીશ ! તું બોલવાનું બંધ કર. કહ્યુંને આવું છું.''

''સાવ બોલવાનું બંધ કરી દઈશને, પછી યાદ કરીશ મને !''

ત્યાં તો હેમાબેનને શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગી. એ અવાજે જય પાછો વર્તમાનમાં ફર્યો. એમના હાર્ટબીટ્સ સ્લો થતા જતા હતા. રમેશભાઈએ હેમાબેનનો હાથ હાથમાં લીધો. અને ત્યાં જ હેમાબેને છેલ્લો શ્વાસ લીધો !

એમનો હાથ રમેશભાઈના હાથમાં એમનો એમ ઢીલો થઈને પડી રહ્યો અને એમની આંખો ખુલ્લી રહી ગઈ. રમેશભાઈની આંખોમાંથી ચોધાર આંસુ વહી રહ્યા હતા.

ડૉક્ટરે આવીને હેમાબેનની આંખો બંધ કરી.

આ જોઈને જય જોરજોરથી રડી પડ્યો, ''ના મમ્મી, તમે મને છોડીને આવી રીતે જઈ ના શકો. હું તમારા પર ક્યારેય ગુસ્સો નહીં કરું. પ્લીઝ...તમે પાછા આવી જાવ.''

જય જોરજોરથી રડ્યે જતો હતો અને રમેશભાઈ ધીમેથી. એમણે એમનો હાથ જયના માથા પર મુક્યો.

''પપ્પા, મમ્મીને કહોને એક વાર પાછા આવે, પ્લીઝ.''

રમેશભાઈ ચુપ હતા. શું બોલે ?

''કેમ પપ્પા, કેમ.... કેમ બધાને એક દિવસ આવી રીતે જતા રહેવાનું ? શું છે આ બધું ? શું છે ?'' કહી એ વણઉકેલ્યા પ્રશ્નો સાથે હેમાબેનના પગ પર માથું મૂકી રડી પડ્યો, ''પ્લીઝ મમ્મી, તમે તો કહો કે કેમ તમે જતા રહ્યા?''

જયનો બેસ્ટ ફ્રેન્ડ રવિ ત્યારે જ દોડતો હોસ્પિટલ પહોંચ્યો. જયના ચિત્કારભર્યા સવાલો અને તેનું દુઃખ રવિથી જોવાતું નહોતું. દિવસો વીત્યા પણ જય તો આ સવાલોના જવાબ શોધવાની સ્થતિમાં નહોતો. એટલે, તેના સવાલોનો જવાબ મળે તેના માટે રવિએ ગુગલ પર સર્ચ કર્યું.



# જ્ઞાનીની વૈજ્ઞાનિક દ્રષ્ટિએ



**પ્રશ્નકર્તા :** મૃત્યુ શું છે ?

**દાદાશ્રી :** મૃત્યુ તો એવું છે ને, આ ખમીસ સીવડાવ્યું એટલે ખમીસનો જન્મ થયોને, ને જન્મ થયો એટલે મૃત્યુ થયા વગર રહે જ નહીં ! કોઈ પણ વસ્તુ જન્મે તેનું મૃત્યુ અવશ્ય હોય. અને આત્મા અજન્મા-અમર છે, તેને મૃત્યુ જ નથી હોતું. એટલે જેટલી વસ્તુ જન્મે તેનું મૃત્યુ અવશ્ય હોય અને મૃત્યુ છે તો જન્મ પામશે. એટલે જન્મની સાથે મૃત્યુ જોઈન્ટ થયું છે. જન્મ હોય ત્યાં મૃત્યુ અવશ્ય હોય જ !

**પ્રશ્નકર્તા :** મૃત્યુ શા માટે છે ?

**દાદાશ્રી :** મૃત્યુ તો એવું છેને, આ દેહનો જન્મ થયોને એ એક સંયોગ છે, એનો વિયોગ થયા વગર રહે જ નહીંને ! સંયોગ હંમેશાં વિયોગી સ્વભાવના જ હોય. આપણે સ્કૂલમાં ભણવા ગયા હતા. તે શરૂઆત કરી હતી કે નહીં, બિગિનિંગ ? પછી એન્ડ આવ્યો કે ના આવ્યો ? દરેક વસ્તુઓ બિગિનિંગ અને એન્ડવાળી જ હોય. અહીં આગળ તે આ બધી જ વસ્તુઓને બિગિનિંગ ને એન્ડ હોય. ના સમજાયું તને ?

**પ્રશ્નકર્તા :** સમજાયું ને !

**દાદાશ્રી :** આ બધી વસ્તુઓ બિગિનિંગ-એન્ડવાળી, પણ બિગિનિંગ ને એન્ડને જાણે છે, એ જાણનાર કોણ છે ?

બિગિનિંગ-એન્ડવાળી વસ્તુઓ બધી જ છે તે ટેમ્પરરી વસ્તુઓ છે. જેનું બિગિનિંગ હોયને એનો એન્ડ હોય, બિગિનિંગ થાય એનો એન્ડ હોય જ અવશ્ય. એ બધી ટેમ્પરરી વસ્તુઓ છે, પણ ટેમ્પરરીને જાણનાર કોણ છે ? તું પરમેનન્ટ છું. કારણ કે તું આ વસ્તુઓને ટેમ્પરરી કહું છું માટે તું પરમેનન્ટ છું. જો બધી જ વસ્તુ ટેમ્પરરી હોય તો પછી ટેમ્પરરી કહેવાની જરૂર જ નહોતી. ટેમ્પરરી સાપેક્ષ શબ્દ છે. પરમેનન્ટ છે તો ટેમ્પરરી છે.

# યમરાજ કે નિયમરાજ ?

**રવિ :** જો દરેક લાઈફનો ''ધ એન્ડ'' નક્કી જ છે તો પછી મારા દાદી કહે છે 'યમરાજ લેવા આવે ત્યારે મૃત્યુ થાય.' મેં પણ સ્ટોરી અને મુવીમાં કાળું હૂડ પહેરીને કોઈ લેવા આવે એવી વાતો સાંભળી છે. તો શું એ બધું સાચું છે ?

કેટલાક લોકોની માન્યતા પ્રમાણે રાત્રે કૂતરા રડ્યા તો કહેશે, 'યમરાજ આવ્યા લેવા માટે. યમદૂત હોય તે મારી મારીને યમલોક લઈ જાય, બહુ દુઃખ આપે. યમરાજ તો મોટા દાંત, મોટી આંખોવાળા, પાડા ઉપર આવે.' એવું જાત જાતનું વર્ણન આપણને નાનપણથી ડરાવતું રહે છે. પણ દાદાશ્રી જેવા પ્રગટ જ્ઞાની જ્યારે ફોડ પાડે કે યમરાજ નામનું કોઈ છે જ નહીં. હા, નિયમરાજ છે, નિયમથી જન્મે છે, નિયમથી જીવન જીવાય છે, નિયમથી મરવાનું આવે છે. એવી સાચી સમજણ મળે તો રહે કશો ભય કે ભડકાટ ?

**યમરાજ નામનું કોઈ નથી, એ તો નિયમરાજ છે. નિયમરાજ બધું જ ચલાવે છે. નિયમરાજ જ જીવાડે છે અને નિયમરાજ જ મારે છે. - દાદાશ્રી**



# મૃત્યુનું કારણ !


**રવિ :** જો યમરાજ જેવું કંઈ જ નથી તો મૃત્યુ થાય છે કેવી રીતે ? જયના મધરની તો ઉંમર પણ બહુ નહોતી. એમના પડોશમાં એંશી વર્ષના દાદી હજુય જીવે છે. તો ખરેખર મૃત્યુનું કારણ શું ? આયુષ્યનો આધાર શું ?

**પ્રશ્નકર્તા :** તો મૃત્યુ શા માટે આવે છે ?

**દાદાશ્રી :** એ તો એવું છે, આ જન્મ થાય છે, ત્યારે આ મન-વચન-કાયા એ ત્રણ 'બેટરી'ઓ છે, એ ગર્ભમાંથી 'ઈફેક્ટ' (પરિણામ) આપતી જાય છે. તે 'ઈફેક્ટ' પૂરી થાય, 'બેટરી'થી હિસાબ પૂરો થઈ જાય, ત્યાં સુધી એ 'બેટરી' રહે અને પછી એ ખલાસ થઈ જાય, એને મૃત્યુ કહે છે.

પણ ત્યારે પાછી આવતા ભવને માટે મહીં નવી 'બેટરી'ઓ ચાર્જ (પાવર ભરાય) થઈ ગઈ હોય. આવતા ભવના માટે અંદર નવી 'બેટરી' 'ચાર્જ' થયા જ કરે છે અને જૂની 'બેટરી'ઓ 'ડિસ્ચાર્જ' થાય છે. આમ 'ચાર્જ-ડિસ્ચાર્જ' (ખાલી) થયા જ કરે છે.

કારણ કે એને 'રોંગ બિલિફ' (ઊંધી માન્યતા) છે. એટલે 'કૉઝિઝ' (કારણ) ઉત્પન્ન થાય છે. જ્યાં સુધી 'રોંગ બિલિફ' છે, ત્યાં સુધી રાગ-દ્વેષ ને 'કૉઝિઝ' ઉત્પન્ન થાય છે અને એ 'રોંગ બિલિફ' બદલાય ને 'રાઈટ બિલિફ' બેસે એટલે રાગ-દ્વેષ ને 'કૉઝિઝ' ઉત્પન્ન થાય નહીં.



**શ્વાસોચ્છવાસના આધારે આયુષ્ય :**

નિયમ એવો છે કે શ્વાસોચ્છવાસના વપરાશ ઉપર મનુષ્યના આયુષ્યનો આધાર રહેલો છે. સામાન્ય મનુષ્યનું આયુષ્ય સો વરસનું હોય છે. નોર્મલ માણસના શ્વાસોચ્છવાસ જેટલા થાય તેને આધારે ગણતરી કરીને આ આયુષ્ય નિશ્ચિત થાય છે. હવે જો શ્વાસોચ્છવાસ ઓછા વપરાય તો આયુષ્ય એકસો ચાળીસ વર્ષનું પણ થાય અને વધારે વપરાય તો ત્રીસ વર્ષેય મૃત્યુ આવી જાય.




**અહંકારની સહી વગર મૃત્યુ ન થાય :**

આ દુનિયામાંથી જવાની કોઈનેય ઈચ્છા નથી હોતી પણ કુદરતનો નિયમ એવો છે કે કોઈ પણ માણસનું તેની સહી વગર મૃત્યુ થાય નહીં.

આ સહી કેવી રીતે થાય છે ?


ઉદાહરણ તરીકે, કોઈ વ્યક્તિ હોસ્પિટલમાં એડમિટ હોય અથવા કોઈનો એક્સિડન્ટ થયો હોય, તે વખતે દેહમાં ભયંકર વેદના ઉપડે અને દુઃખાવો સહન ના થાય ત્યારે તે દુઃખના માર્યા બોલી ઉઠે કે **''હે ભગવાન ! આ દેહ હવે છૂટે તો સારું !''** આને સહી થઈ ગઈ કહેવાય.

જ્યાં સુધી અહંકાર સહી ના કરે ત્યાં સુધી મૃત્યુ આવી ના શકે.



# મૃત્યુ વખતે શું થાય છે ?

**રવિ :** ઓહ ! તો અહંકારની સહી થઈ જાય પછી મૃત્યુ સમયે શું થાય છે ?



**આત્મા, કારણ શરીર અને તેજસ શરીર સાથે નીકળે છે.**

જેમ સાપ તેના એક દરમાંથી બહાર નીકળતો હોય અને બીજા દરમાં અંદર પેસતો હોય તેમ, આ દેહમાંથી આત્મા એક બાજુ નીકળતો હોય અને બીજી બાજુ યોનિમાં પ્રવેશે.

અમદાવાદમાં દેહ છૂટવાનો હોય અને વડોદરામાં જન્મ થવાનો હોય તો, આત્મા એક દેહ છોડ્યા વિના, જ્યાં જવાનો હોય એટલો ખેંચાય, લાંબો થઈ શકે. પિતાનું વીર્ય અને માતાનું રજ આ બંને ભેગા થવાનો ટાઈમિંગ થાય, ત્યારે યોનિમાં પ્રવેશે અને જેવો એક દેહ છૂટે ત્યારે બીજા દેહમાં તેનો પ્રવેશ થઇ ગયો હોય.


દેહ છોડીને આત્મા એકલો જતો નથી, પણ તેની સાથે કારણ દેહ અને તેજસ શરીર (ઈલેક્ટ્રીકલ બોડી) એમ ત્રણેય સાથે નીકળે છે.

- **તેજસ શરીર (ઈલેક્ટ્રીકલ બોડી)** ને કારણે બધી શારીરિક ક્રિયાઓ ચાલે છે જેમકે ખાવું પીવું, ખોરાક પચાવવો, લોહીનું સંચાલન, આંખોથી જોવું વગેરે.
- **કારણ દેહ (કોઝલ બોડી)** તો આખા શરીરમાં ભરેલો હોય, તે પરમાણુરૂપે હોય છે. એ પરમાણુમાંથી પછી કાર્ય દેહ (ઈફેક્ટીવ બોડી) બંધાય છે, જેમ વડના બીજમાંથી આખો વડ ઉગે એ રીતે.

## પરમ પૂજ્ય દાદાશ્રી, પૂજ્ય નીરુમાં અને પૂજ્ય દીપકભાઈના

- સત્સંગ
- પુસ્તકો
- ફોટો
- ઓડિયો
- વિડિયો

વગેરે...




GET IT ON Google Play

Download on the App Store

**For Free Download**

**Scan Here**

**satsang.dadabhagwan.org**



# કર્મોની ગતિ ન્યારી

## ગોશાળો અને મહાવીર ભગવાન

``હું જ સર્વજ્ઞ તીર્થંકર છું. મહાવીર સ્વામી પોતાને તીર્થંકર કહેવડાવે છે તે તો ઢોંગી છે !''

જેમની પાસેથી પોતે જ્ઞાન મેળવ્યું હતું, તેવા મહાવીર ભગવાન વિશે તેમના જ શિષ્ય ગોશાળાએ આવી વાતો ફેલાવવાનું શરૂ કર્યું. પ્રભુના પરમ શિષ્ય ગૌતમ સ્વામીના કાને આ વાત આવી અને તેમણે મહાવીર પ્રભુને પૂછ્યું કે ``ગોશાળો પોતાને સર્વજ્ઞ કહેવડાવે છે એ વાત સાચી છે ?''.


વીતરાગ ભગવાન ફક્ત એટલું જ બોલ્યા કે ``આ વાત સત્ય નથી !''

આ જાણીને ગોશાળાનો ક્રોધ ભભૂકી ઉઠ્યો. પોતાની હકીકત ખુલ્લી થવાના ભયથી તે બોલી ઉઠ્યો કે ``પોતાને તીર્થંકર કહેવડાવો છો ! હું તમને વાદમાં હરાવીશ એટલે લોકોનેય ખબર પડે કે ખરો સર્વજ્ઞ કોણ છે ?'' અને નીકળી ગયો.

મહાવીર ભગવાને તેમના શિષ્યોને કહી રાખ્યું હતું કે ``ગોશાળો આવે ત્યારે તે ગમે તેવી વાતો કરશે. એ ગમે તેવો તિરસ્કાર કરે, અપમાન કરે, તમે બધા મૌન રહેજો.''

ગૌતમ સ્વામીએ પ્રભુને પૂછ્યું કે ગોશાળાના આ દ્વેષનું કારણ શું ? ત્યારે મહાવીર ભગવાને તેમને કહ્યું કે ``આ તો પૂર્વભવનો હિસાબ છે'' અને એનું વર્ણન કર્યું.

મહાવીર ભગવાનના ૨૭ ભવ પહેલાં પણ ભગવાન મહાવીર અને ગોશાળો ગુરુ-શિષ્ય જ હતા. એક વખત મહાવીર અહિંસા પર ઉપદેશ આપે છે. ત્યારે આવી અહિંસા તો કેવી રીતે પળાય ? એના કરતા હું કંઈ બીજો જ માર્ગ શોધી લઉં. એમ કરીને ગોશાળો તે ગુરુથી વિખૂટો પડી ગયો. એ જ ભવમાં વીજળી પડવાથી ગોશાળાનું મૃત્યુ થયું અને મરતી વખતે ગુરુ પ્રત્યે અત્યંત દ્વેષ હોવાથી તેનો જીવ અધોગતિમાં ગયો. અનેક ભવો અધોગતિમાં પસાર કરીને ફરી આ ભવમાં તે મહાવીર ભગવાનનો શિષ્ય બનીને આવ્યો. પૂર્વભવના ઋણાનુબંધને કારણે તેમની સાથે ને સાથે જ રહ્યો પણ પૂર્વના દ્વેષનો હિસાબ ચાલુ જ રહ્યો.



**ભગવાને ગોશાળાને કહ્યું, ''અમને કશું નહીં થાય. હજુ અમારે ચૌદ વર્ષનું આયુષ્ય બાકી છે કલ્યાણ માટે. પણ આ તેજોલેશ્યા તે અમારા ઉપર ફેંકી તે તારા જ દેહમાં પ્રવેશી ગઈ છે. તું હવે સાત દિવસમાં મૃત્યુ પામીશ.''**

બીજા દિવસે ગોશાળો મહાવીર ભગવાન જ્યાં હતા ત્યાં આવીને જેમ તેમ બોલવા માંડ્યો અને કહેવા લાગ્યો કે હું તમને તેજોલેશ્યા ફેંકીને બાળી મારીશ. પ્રભુ તો શાંત ચિત્તે બધું સાંભળી રહ્યા હતા. પણ તેમના પ્રત્યે અત્યંત અનુરાગી એવા તેમના બે શિષ્યોથી આ સહન ન થયું. સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર આ બે મુનિએ ગોશાળાને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે ''હે ગોશાળા ! તે પ્રભુને ગુરુ માન્યા હતા. તેઓએ તને જ્ઞાન આપ્યું છે. તે ગુરુની જ આવી અવહેલના કરે છે ? તને તે શોભે છે ?''

ક્રોધમાં આવીને ગોશાળાએ મુનિ પર તેજોલેશ્યા ફેંકી બન્ને મુનિઓને બાળી નાખ્યા. અને પછી મહાવીર ભગવાનને બાળી નાખવા માટે પ્રભુ ઉપર તેજોલેશ્યા ફેંકી. તેજોલેશ્યા પ્રભુને બાળવા અસમર્થ બની. પ્રભુની પ્રદક્ષિણા કરી તેજોલેશ્યા પાછી ફરીને ગોશાળાના જ શરીરમાં પ્રવેશી ગઈ. તેજોલેશ્યાથી ગોશાળાને શરીરમાં ભયંકર બળતરા ઊપડી.

એટલે ગોશાળો એકદમ ગભરાઈ ગયો. અને મૃત્યુના ભયથી તેણે કહ્યું કે ''હું તીર્થંકર નથી'' અને શિષ્યોને જઈને આલોચના કરી કે ''મેં ભૂલ કરી છે. તીર્થંકર તો મહાવીર ભગવાન જ છે, તમે બધા એમની પાસે જજો. '' અને સાત દિવસ પછી ગોશાળાનું મૃત્યુ થઈ ગયું.

ત્યારે ફરી ગૌતમ સ્વામીએ પ્રભુને પૂછ્યું કે ગોશાળાની શું ગતિ થશે ?

ભગવાને કહ્યું કે ''દેવગતિમાં જશે. ''

ગૌતમ સ્વામીને આશ્ચર્ય થયું કે પેલા ભવમાં ગુરુ માટે દ્વેષ કરવાથી તેની અધોગતિ થઈ. અને આ વખતે આટલો મોટો ગુનો કર્યા પછી પણ ગોશાળો દેવગતિમાં જશે, તે કેવી રીતે ?

ભગવાને કહ્યું કે 'મરતી વખતે તેણે પસ્તાવો કર્યો હતો અને શિષ્યો વચ્ચે આલોચના કરી હતી તેનું ફળ દેવગતિ આવશે પણ બાકીના કર્મોનું ફળ ભોગવવાનું બાકી રહેશે અને તે ભવોભવ રખડશે.'

કર્મોની ગતિ ન્યારી છે. આપણો આવતો જન્મ કઈ ગતિમાં થશે, એ મૃત્યુ વખતની આંતરિક દશા અને ઋણાનુબંધના આધારે નક્કી થાય છે.

# આવતા ભવનો ફોટો

**રવિ :** આવતો ભવ ક્યાં થશે એ કેવી રીતે નક્કી થતું હશે ?

આપણું ૨/૩ આયુષ્ય પૂરું થાય ત્યારે આવતા ભવનો ફોટો પડી જાય છે. એટલે આવતા ભવે કઈ ગતિ થશે એ નક્કી થઈ જાય છે.

આ ફોટા બદલાયા જ કરે છે. એક વખત મનુષ્યનો ફોટો હોય, તો બીજી વખત દેવનો હોય, ને ત્રીજી વખત જાનવરનો પણ હોય. ફોટો બદલાયા જ કરે છે. પણ જે છેલ્લે પડ્યો તે ફોટો ફાઈનલ ગણાય છે. જે મનુષ્ય છેલ્લા ૧/૩ આયુષ્ય દરમ્યાન ધર્મધ્યાન અથવા તો શુક્લધ્યાનમાં હોય તો તે બહુ ઉંચી ગતિમાં જાય છે.

**તો આ ગણિત પ્રમાણે ... ધારોકે આપણું આયુષ્ય ૮૧ વર્ષનું છે. તો,**



પહેલો ફોટો - ૫૪ વર્ષની ઉંમરે પડે.
બીજો ફોટો - ૭૨ વર્ષની ઉંમરે પડે.
ત્રીજો ફોટો - ૭૮ વર્ષની ઉંમરે પડે.
ચોથો ફોટો - એંસી વર્ષ ને આઠ મહિનાની ઉંમરે પડે. એટલે કે મૃત્યુના ૧૨૦ દિવસ પહેલા પડે.
પાંચમો ફોટો - મૃત્યુના ૪૦ દિવસ પહેલા પડે.
એમ કરતા કરતા...
છેલ્લા ફોટા - ૧ મિનીટ પહેલા ... ૪૦ સેકંડ પહેલા ... ૭ સેકન્ડ પહેલા...
અને પછી છેલ્લો ફોટો પડે.

# એકેએક સેકન્ડ કેટલી અગત્યની છે !



આપણને ખબર નથી આપણું આયુષ્ય ખરેખર કેટલું છે અને કઈ ઘડી છેલ્લી છે ! માટે હમણાંથી જ જાગૃત કેમ ના થઈ જઈએ ? અને ગમે તે ક્ષણે ફોટો સારો પડે તેની ખાસ કાળજી રાખીએ ! અને વળી એવું પણ નથી કે આપણે આખી જીંદગી કંઈપણ કરીએ ને છેલ્લે સારો ફોટો પડે એવું કરીએ એટલે વાંધો નહીં આવે ! ખરેખર તો આખી જિંદગી આપણે જે કર્યું તેનું સરવૈયું મરતી વખતે આવે છે અને એ સરવૈયા પ્રમાણે આગળનો અવતાર થાય છે.

**તો અત્યારથી જ ચેતી જઈએ**

# સ્વજનોના મૃત્યુ સમયે શું કરવું ?

**રવિ :** મૃત્યુ વિશે આટલી બધી નવી વાતો તો મેં આજે જ જાણી. પણ નજીકનું કોઈ ગુજરી જાય ત્યારે આ બધું કેટલું યાદ આવે ? જય એના મમ્મીને રોજ યાદ કરીને રડે છે. તો આવા સમયે શું કરવું ?

**પ્રાર્થના**

નજીકની વ્યક્તિના મૃત્યુ પછી જો આપણે દુ:ખી થઈએ તો તેના સ્પંદન પહોંચે અને મરનાર વ્યક્તિ જ્યાં હોય ત્યાં તેને દુ:ખ થાય. જેમ આપણે અને મરનાર વ્યક્તિએ એક દોરડાના બે છેડા પકડ્યા હોય પછી આપણે દોરડું ખેંચીએ તો સામાને પણ ખેંચાય તે રીતે. તેને બદલે આપણે પ્રાર્થના કરીએ કે ''તેઓ જ્યાં હોય ત્યાં તેમના આત્માને સુખ અને શાંતિ પહોંચે.'' તો એ પોઝિટિવ સ્પંદનોથી એમને શાંતિ થાય.





# મૃત્યુ પામેલી વ્યક્તિ પ્રત્યે પ્રાર્થના !

પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ, પ્રત્યક્ષ સીમંધર સ્વામીની સાક્ષીએ, દેહધારી (મૃત્યુ પામેલી વ્યક્તિનું નામ) ના મન-વચન-કાયાના યોગ, ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મથી ભિન્ન એવા હે શુધ્ધાત્મા ભગવાન! આપ જ્યાં હોય ત્યાં સુખ-શાંતિને પામો, મોક્ષને પામો. આજ દિનની અધક્ષણ પર્યંત મારાથી રાગ-દ્વેષ, કષાયો થયાં હોય, તેની માફી માગું છું. હૃદયપૂર્વક પસ્તાવો કરું છું. મને માફ કરો અને ફરી એવાં દોષો ક્યારેય પણ ના થાય એવી શક્તિ આપો.

**(આ પ્રમાણે પ્રાર્થના વારંવાર કરવી. પછી જેટલી વખત મૃત્યુ પામેલી વ્યક્તિ યાદ આવે ત્યારે ત્યારે આ પ્રાર્થના કરવી.)**

# સમાધિ મરણ

**રવિ :** પણ મૃત્યુ એટલે વેદના, દુઃખ, નિરાશા, રુદન એવું જ ને ? શું આ સિવાયનું મૃત્યુ શક્ય છે ખરું ? એવું મૃત્યુ જેનાથી જનારને પણ દુઃખ ના હોય ને એની આસપાસના લોકોને પણ ?



સમાધિ મરણ એટલે દેહને પીડા હોય છતાં પોતાને કશું અડે નહીં અને સમાધિ મરણ પામનાર વ્યક્તિની આજુબાજુના લોકોને દુઃખનો અનુભવ ના થાય. છેલ્લી પળોમાં આત્મા સિવાય બીજું કશું જ યાદ ના હોય. 'હું શુદ્ધાત્મા છું, હું શુદ્ધાત્મા છું' એવું ભાન સતત રહ્યા કરે. આવું સમાધિ મરણ શક્ય છે આત્માના જ્ઞાનથી. જે જ્ઞાનને કારણે ગમે તેવી મુશ્કેલીમાં પણ પોતાને દુઃખ ના અડે અને એ જ્ઞાન આત્મજ્ઞાની પાસેથી જ મળી શકે.

તો ચાલો, એવા જ આત્મજ્ઞાની નીરુમાનો અનુભવ સાંભળીએ કે કેવી રીતે આ જ્ઞાન સ્વજનના મૃત્યુ સમયે મદદ કરે છે.



# જ્ઞાની આશ્ચર્યની પ્રતિમા

**સાચું જ્ઞાન એ છે કે જે પોતે જ ક્રિયાકારી હોય. તમારે કશું જ ના કરવું પડે. એ આત્માની સીધી જાગૃતિ છે. એટલે મને લાગ્યું કે મારા જીવનનો સર્વશ્રેષ્ઠ હેતુ આ જ છે કે દાદાના માધ્યમ દ્વારા આ જ્ઞાન બીજા લોકો પણ પામે.**

જ્ઞાન લીધાના છ જ મહિના પછી ફાધરનો અચાનક જ દેહવિલય થયો, હાર્ટ એટેકના કારણે. અમે બહારગામ હતા. એટલે જયારે ખબર પડી કે એમનું મૃત્યુ થયું છે ત્યારે પહેલું અંદરથી આવ્યું કે એ આત્મા છે, આત્મા મરે નહીં. એમણે જુનો ફાટેલો કોટ ઉતારીને નવો કોટ પહેર્યો છે. એટલે એ એમના માટે સારું છે, એમાં શું ખોટું છે? જો હું રડું છું તો મારા પોતાના માટે રડું છું, એમના માટે નહીં. એટલે અંદર સ્વસ્થતા અને શાંતિ હતી, અને આત્માનો આનંદ આખો વખત એવો ને એવો જ હતો, કોઈ ફેર નહીં. પહેલી વખત મને આવો અનુભવ થયો.

જ્ઞાન લીધાના બે વર્ષ પહેલા મારા મધરનો દેહવિલય થયો હતો. તે વખતે ખૂબ દુઃખ થયું હતું, ભારે ભોગવટો આવ્યો હતો. પછીના છ મહિના રડવાનું બંધ નહોતું થયું. જયારે અહીંયા એક સેકંડ પણ મારી દુઃખવાળી નહોતી. સંપૂર્ણ રીતે આનંદ હતો. દુઃખ અડ્યું જ નહીં. પછી એક પછી એક મેડીકલની ડિગ્રી મારી પાસે આવતી ગઈ. ત્યારે પણ અંદર કોઈ ઉછાળો નહીં, કોઈ જ ફરક અંદર નહીં. અંદરનો આનંદ એકસરખો જ હતો. એટલે મને નોટીસ થયું કે આ જ્ઞાન પોતે જ કામ કરી રહ્યું છે, મને કશો ખ્યાલ નથી, મેં કોઈ જ પ્રયત્ન કર્યો નથી, કંઈ જ નથી કર્યું.

સાચું જ્ઞાન એ છે કે જે પોતે જ ક્રિયાકારી હોય. તમારે કશું જ ના કરવું પડે. એ આત્માની સીધી જાગૃતિ છે. એટલે થયું કે મારા જીવનનો સર્વશ્રેષ્ઠ હેતુ આ જ હો, કે દાદાના માધ્યમ દ્વારા આ જ્ઞાન બીજા લોકો પણ પામે. કારણકે, દાદા બહુ અલગારી હતા, એ કોઈને કહેતા નહોતા કે મારી પાસે આવું જ્ઞાન છે માટે આવો, અને જ્ઞાન લઇ જાઓ વગેરે. દાદાને મળ્યા ત્યારે મારી ઉંમર ૨૩ વર્ષની હતી અને દાદાની ઉંમર ૬૦ વર્ષથી વધુ હતી. એ જતા રહેશે, એમનો દેહવિલય થઇ જશે અને કોઈને દાદા વિશે ખબર પણ નહીં પડે ! માટે આ જ્ઞાન દરેકને મળવું જોઈએ, કેમકે દરેકને આ જ્ઞાનની જરૂર છે.

# મહાત્માઓના અનુભવ

**રવિ :** પણ નીરુમા તો આત્મજ્ઞાની હતા. શું સામાન્ય માણસો માટે આ અનુભવ શક્ય છે ?

## દાદાના સમાધિમરણ વખતે...

મારી નજીકની વ્યક્તિના મૃત્યુ વિશેની મારી કલ્પના અને ખરેખર એ ઘટના બની એ રિયાલીટી વચ્ચે આભ જમીનનો ફરક હતો. જે વખતે મારા દાદાએ (Grandfather) દેહ છોડ્યો, તે સમયે મને અંદર એક અલગ જ પ્રકારની શાંતિનો અનુભવ થયો. મને એમના પ્રત્યે ખૂબ અટેચમેન્ટ હતું, છતાં અંદર જરાય ભોગવટો ના આવ્યો. જ્ઞાન લીધું છે, એટલે બહાર બધી ક્રિયાઓ ચાલતી હોય અને અંદર મને જુદાપણું વર્તાતું હતું. દાદાના મૃત્યુ વખતે મારા આવા પોઝિટિવ એપ્રોચના પડઘા ફેમિલીના બીજા લોકોને પણ પહોંચ્યા. જેઓ અપસેટ થઈને રડવા માંડ્યા હતા, તેમને સમતામાં રહેવા માટે મદદ થઈ.

- રાધિકા પટેલ, યુ.કે (૨૪ વર્ષ)

## પિતાના મૃત્યુ વખતે ...

એવું જ લાગે કે દાદા જોડે ને જોડે જ છે. ક્યારેય પણ કંઈ ઊંચુંનીચું થાય કે તરત અંદરથી દાદા જાણે કહેતા હોય 'હું છું ને તારી સાથે !' પછી ડર નીકળી ગયો. કોઈ સાંત્વન માટે ફોન કરે તો એવું ના લાગે કે પરિસ્થિતિ ખરાબ છે. દાદા સાથે જ છે એમ કાયમ વર્ત્યા કરે. આપણું શું થશે એવો કોઈ ભોગવટો ના આવ્યો અને જરા પણ રડવું ના આવ્યું. છેલ્લા સમય દરમ્યાન પણ અદભુત શાંતિ રહી. અંદર શૂન્ય ! કેમ જાણે કંઈ જ નહીં. એવું જ લાગે કે દાદા સામે જ ઉભા છે.

- કરિશ્મા શાહ (૧૮ વર્ષ)

# મૃત્યુનો ભય દૂર થાય ?

**રવિ :** લાઈફ અને ડેથની રિયાલીટી આજે મને સમજાઈ. પણ પ્રેક્ટિકલી કહું તો જો આજે કોઈ મને કહે કે રવિ, કાલે તારી લાઈફનો છેલ્લો દિવસ હશે, તો એ વિચારથી જ મારા રૂંવાટા ઊભા થઈ જાય. અનેક વિચારોના વંટોળ મારા મનમાં ઉભા થઈ જાય છે.

- **મારા ફેમીલી અને ફ્રેન્ડસને છોડીને જતા રહેવાનું ?**
- **હું મરી જઈશ તો મારી લાઈફના ગોલ્સનું શું ?**
- **મૃત્યુ પછી મારું શું થશે ?**
- **મરતી વખતે આપણે એકલા જ હોઈએ ને ?**

**આ બધા ભયમાંથી કેવી રીતે છૂટાય ?**

# જ્ઞાની વિથ યુથ

**પ્રશ્નકર્તા :** ક્યારેક હું મરવાના વિચારોથી ખૂબ ડરી જાઉં છું. હું જેટલું એના વિશે વધુ વિચારું છું, એટલો વધારે હું ગૂંચવાઈ જાઉં છું, મને ખૂબ પ્રશ્નો થાય છે. આપ મદદ કરો કે જેથી જીવન વિશે હું વધુ સમજી શકું.

**પૂજ્યશ્રી :** તમે રોજ નહાઓ છો ?

**પ્રશ્નકર્તા :** હા, હું નહાઉં છું.

**પૂજ્યશ્રી :** હા, એટલે તમે કપડાં બદલો છો અને નવા કપડાં પહેરો છો. એટલે કે તમે કાયમના છો અને કપડાં રોજ સવારે બદલાય છે. ક્યારેક સાંજે આપણે કોઈ લગ્નના રીસેપ્શનમાં અથવા બીજે ક્યાંક જવાનું હોય તો આપણે કપડાં ફરી બદલીએ છીએ. એટલે દેહ ટેમ્પરરી છે અને આત્મા પરમેનન્ટ છે. દેહ ટેમ્પરરી છે કે નહીં ?



**પ્રશ્નકર્તા :** હા અને હું એવું પણ વિચારું છું કે હું જન્મ્યો એ પહેલા હું ક્યાં હતો ?


**પૂજ્યશ્રી :** એ મહત્વનું નથી. આપણે ક્યાં જવું છે એ બહુ મહત્વનું છે. આપણે કાયમના છીએ એ આપણે અનુભવવાનું છે અને એ મહત્વનું છે. એટલે આ બધી અવસ્થાઓ છે, એ બદલાશે. આપણે પરમેનન્ટ છીએ, જ્ઞાતા-દ્રષ્ટા છીએ. એક વાર તમને ખબર પડી જશે કે આ બધું રિલેટીવ એ ટેમ્પરરી એડજસ્ટમેન્ટ છે, હું રિયલ છું અને કાયમનો છું. એટલે તમે શુદ્ધાત્મા છો, તમે અવિનાશી છો, તમે કાયમના છો એ આપણે સમજવાનું છે.

અહંકારને કાયમ ભય લાગે 'મારા મૃત્યુ પછી શું થશે ?' પણ આત્માને ક્યારેય ભય ના લાગે કેમ કે આત્માને અનુભવ થાય છે કે એ કાયમનો છે. અજ્ઞાનતાના કારણે અહંકાર ઉભો થયો છે અને દેહના આધારે અહંકારને થાય છે કે આ દેહ હું છું, માટે જો દેહ મરી જશે તો હું પણ મરી જઈશ. પણ ખરેખર એ મરતો નથી. એ આ દેહ છોડે છે અને નવો જન્મ લે છે. માટે ચિંતા કરશો નહીં, તમે મરવાના નથી. મન બતાવશે કે 'શું થઇ જશે ?' મન, બુદ્ધિ બતાવશે કે 'મૃત્યુ પછી આવું થશે.' તો કહેવાનું કે 'તું મરવાનો છું, હું મરવાનો નથી, હું શુદ્ધાત્મા છું.' એટલે ફાઈલ-૧ સાથે વાતચીત કરવાની.

રવિ આ બધી વાતો વાંચતો હતો ત્યાં તેને વેબસાઈટ ઉપર ''મૃત્યુ સમયે, પહેલાં અને પછી'' એ પુસ્તક મળ્યું. એની **PDF** ડાઉનલોડ કરી અને આખી બુક એક બેઠકે વાંચી નાંખી. તેણે વેબસાઈટ ઉપર વાંચી હતી એ બધી વાતો અને તેથીય ઘણું વધારે તેણે પરમ પૂજ્ય દાદાશ્રીની વાણીમાં વાંચ્યું.

રવિને થયું, મૃત્યુ જેવા સેન્સીટીવ ટોપિક ઉપર જયને પોતે સમજાવવું અઘરું છે. હું એને પહેલાં આ બુક મોકલાવું તો ? વોટ્સ એપ ઉપર રવિએ જયને એ બુકની લિંક શેર કરી.

**અને જયની નિરાશ જિંદગીમાં આશાનું કિરણ ફૂટ્યું. એના ઉદાસ જીવનમાં નવી જ ચેતના આવી ગઈ.**




For Free download

Scan Here

**બે જ દિવસમાં જયનો રીપ્લાય આવ્યો.**

**જય :** રવિ... તને આ બુક ક્યાંથી મળી ? આ દાદાશ્રી કોણ છે ?

**રવિ :** તને ગમી ?

**જય :** હા ! મારા બહુ બધા સવાલના જવાબ મળી ગયા. આ બુક વાંચ્યા પછી કાલે રાત્રે હું પહેલી વાર શાંતિથી ઊંઘી શક્યો. થેન્ક્સ રવિ ! મારે આ દાદાશ્રી વિશે વધારે જાણવું છે.

# #કવિતા

થોડો ઓછો જાણીતો વિષય એટલે મૃત્યુ...
માનવનો અણમાનીતો વિષય એટલે મૃત્યુ...

ચિત્ર-વિચિત્ર ધારણાઓનો વિષય મૃત્યુ....
લોકોમાં ભય-ભ્રમણાઓનો વિષય મૃત્યુ....

રામ, કૃષ્ણ કે મહાવીરનો ય હિસાબ મૃત્યુ...
માણસે આપવો જ પડે એ જવાબ મૃત્યુ...

માણસે ચોક્કસ સ્વીકારવાનો વિષય મૃત્યુ...
જ્ઞાનીશ્રી દ્રષ્ટિએ સમજવાનો વિષય મૃત્યુ...

દાદાજી કહે છે સામાન્ય છે આ વાત મૃત્યુ....
બે સવાર વચ્ચે પડે છે જે એ રાત મૃત્યુ....

બસ જૂના વસ્ત્ર બદલવાનો વિષય મૃત્યુ...
આગળની યાત્રાએ જવાનો વિષય મૃત્યુ...

દેહનું તો વીતરાગોયે પણ રોક્યુ નથી મૃત્યુ...
આતમે જોવાનું નથી ને જોયું નથી મૃત્યુ...

દાદાના યુવાનો દ્વારા

**વર્ષ: ૯, અંક : ૧૦**
**સળંગ અંક : ૧૦૬**
**ફેબ્રુઆરી ૨૦૨૨**

Date of Publication 22nd of every month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/ valid upto 31.12.2022
Licensed to Post without Pre-payment
No. PMG/HQ/104/2020-2022
valid upto 31.12.2022
Posted at Adalaj Post Office on
22nd of every month

## જરૂરથી વાંચો




For Free download,
visit www.akramyouth.org

Scan Here

### અક્રમ યુથના સભ્યો માટે સૂચના

**૧.** આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમયુથના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. YGFT555/08-2028 એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે. અક્રમયુથ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

**૨.** જો આપને કોઈ મહિનાનું અક્રમયુથ ન મળે તો ફોન નં. 8155007500 પર નીચેની વિગતો **SMS** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા ID NO. 2) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત 3) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

**Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org**
**Printed and Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation-Owner.**
**Printed at : Amba Offset, B-99, GIDC, Sector-25, Gandhinagar – 382025.**